॥ सुयं मे आउसं ॥

શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ

વિક્રમ સંવત ૨૦૭૫ • વર્ષ : ૨ • અંક : ૩ • ફેબ્રુઆરી ૨૦૧૯

## બ્રાહ્મી લિપિ – ઈતિહાસનું પ્રવેશદ્વાર

**ડૉ. અભિજિત દાંડેકર** (સહાયક પ્રાધ્યાપક, પુરાતત્ત્વ વિભાગ, ડેક્કન કોલેજ, પુણે)




ડૉ. અભિજિત દાંડેકર

ઇ.સ. ૧૭૮૪ માં વિલિયમ જોન્સ અને ચાર્લ્સ વિલ્કિમએ બંગાળમાં રોયલ એશિયાટિક સોસાયટીની સ્થાપના કરી, આ જ સમયગાળામાં (૧૭૮૯-૧૮૦૦) વિલિયમ ચાર્લ્સે કાલિદાસના શાકુંતલનો અગ્રેજીમાં અનુવાદ કર્યો. પછી મનુસ્મૃતિ, ગીતા વિગેરેના અનુવાદ પણ થયા. પશ્ચિમનો બુદ્ધિજીવી વર્ગ આ દેશના શાસ્ત્રો માટે આટલો બધો ઉત્સુક કેમ બન્યો? તેઓ એ જાણવા માંગતા હતા કે રાજકીય દષ્ટિએ આ દેશની સ્થિતિ શું હતી? ભારતની સંસ્કૃતિના મૂળ ક્યાં છે? તેમને એ તો ખબર જ હતી કે સાંસ્કૃતિક સમૃદ્ધિ જ આ દેશની સાચી તાકાત છે. આ દેશની સાંસ્કૃતિક સમૃદ્ધિને સમજ્યા વિના અહીં રાજ્ય કરવું કઠણ છે. ભારતના પ્રાચીન ઇતિહાસને સમજવા માટે જ તેમણે બીજા અનેક સંશોધનો સાથે બ્રાહ્મી લિપિની પરિચય યાત્રા આરંભી. **બ્રાહ્મી લિપિ જાણ્યા વિના ભારતનો પ્રાચીન ઇતિહાસ જાણવો અસંભવપ્રાયઃ છે.**

બ્રાહ્મી લિપિનો અભ્યાસ કરતા પહેલા તેના ગતિમાન ઇતિહાસ સાથે જોડાએલા પ્રત્યેક પડાવો સમજવા આવશ્યક છે. બ્રાહ્મી લિપિને સમજ્યા વિના સમ્રાટ અશોક કે તેના લેખોનો પરિચય કરવો શક્ય નથી. અશોકે ક્યાંય શિલાલેખોમાં પોતાનું નામ લખ્યું નથી. પોતાના માટે તેણે **દેવાનાં પિયો પિયદસી રાયા** એવો ઉલ્લેખ કર્યો છે. આ પ્રિયદર્શી રાજા કોણ હતો? આ સવાલનો જવાબ શ્રીલંકામાં મળ્યો. ત્યાં **મહાવંશ** નામના બૌદ્ધ શાસ્ત્રોનો અનુવાદ થયો. (ઇ.સ.૧૮૩૨-૩૪) આ શાસ્ત્રમાં અશોક ઉપરાંત ધર્મસખા, બિંદુસાર અને ચંદ્રગુપ્ત મૌર્યનો પણ ઉલ્લેખ મળે છે. આ સિવાય પણ શ્રીલંકન રાજાઓના મૈત્રીસૂત્રો દ્વારા નિશ્ચિત થયું કે શિલાલેખોમાં ઉલ્લેખેલ પ્રિયદર્શી રાજા અશોક જ છે. એ પછી તો અનેક શિલાલેખો મળ્યા. જુદા જુદા ક્ષેત્રમાં રહેલા શિલાલેખોની લિપિમાં પણ ભેદ જોવા મળ્યા. તે સાથે જૂદા જૂદા પ્રદેશના લેખોની ભાષામાં પણ ફરક નજરમાં આવ્યો. આ ભિન્નતાનું કારણ કદાચ એ હતું કે રાજાની એ ઇચ્છા હશે કે દરેક પ્રાંતની પ્રજા તેનો સંદેશ વાંચી શકે અને જનસંવાદ સહજ બને. રાજ્ય સંસ્થા અને પ્રજા વચ્ચે સંવાદમાં અંતર ન રહે. આ જ કારણે અશોકના શિલાલેખોમાં પ્રાદેશિક સ્તરે લિપિની અને ભાષાની ભિન્નતા જોવા મળે છે. આથી બ્રાહ્મી લિપિનો અભ્યાસ કરતી વખતે લિપિ અને ભાષાના આ સંમિશ્રણને પણ નજરમાં રાખવું જોઇએ.

બ્રાહ્મી લિપિ ઇતિહાસની એક બારી છે, દરવાજો છે કે જેને પાર કર્યા પછી જ અશોકકાલીન ઇતિહાસના વિશાળ ચોગાનમાં પ્રવેશ થઇ શકે છે. બીજા શબ્દોમાં કહીએ તો પૂર્વકાલીન ઇતિહાસની સચ્ચાઇ તપાસવા બ્રાહ્મી લિપિ જરૂરી માધ્યમ છે. બ્રાહ્મી લિપિનાં અભ્યાસમાં પ્રવીણતા હાંસલ થઇ જાય તો અનેક ઐતિહાસિક તથ્યો ઉજાગર થઇ શકે છે.

બ્રાહ્મી આ શબ્દ પ્રવાહમાન લિપિ માટે પ્રયોજાય છે. આપણને અશોકની બ્રાહ્મીનો પરિચય છે તે તેના સમયની પ્રારંભિક બ્રાહ્મી લિપિ છે. કેટલાક લોકોના મતે **મહાસ્થાન**ના શિલાલેખો અને ગોરખપુરની નજીક **સોહગૌરા** તામ્રપત્રોની લિપિ અશોક પહેલાની છે. જેમ્સ પ્રિંસેપે આવા લિપિભેદને જોયા પછી કહ્યું કે આ લેખની ભાષા સંસ્કૃત નથી, પણ પ્રાકૃત છે. તેનું કારણ એ જાણતો હતો કે સંસ્કૃતમાં સંયુક્તાક્ષર હોય છે, પ્રાકૃતમાં નથી હોતા. આ લેખોમાં સંયુક્તાક્ષર (જોડિયા અક્ષર) દેખાતા ન હતા. આ અવધારણાની સાથે તેણે બ્રાહ્મી લિપિને પ્રાકૃત ભાષા સાથે જોડીને અનુશીલન કર્યું અને બ્રાહ્મી લિપિના લેખોનું ઉદ્વાચન થઇ શક્યું. તે પહેલા તે થઇ શક્યું ન હતું.



મહાસ્થાન શિલાલેખ, બાંગ્લાદેશ



સોહગૌરા તામ્રપત્ર, ઉત્તરપ્રદેશ

કાલાંતરે સંસ્કૃત લેખનની શરુઆત કુશાણ કાળમાં થઇ. તે પૂર્વે સંસ્કૃત ભાષા શ્રુત-શ્રવણ સ્વરુપમાં દૃઢ હતી. અશોકના સમયમાં સંસ્કૃત શિલાલેખોમાં અવતરિત ન હતી થઇ શકી. આ સમયમાં બ્રાહ્મીએ પોતાના સ્વરૂપમાં સહજ પરિવર્તન (મોડિફિકેશન) સ્વીકારી લીધું. તે સમયના વિદ્વાનો, સંશોધકો અને અભ્યાસકો બ્રાહ્મી લિપિને જ પરિષ્કૃત કરીને પરિવર્તિત કરતા રહયા.

ભારતના લોકોની એ વિશેષતા રહી છે કે આપણે હમેશા પરિવર્તનોનો સ્વીકાર કરતા આવ્યા છીએ. એટલે જ જે કાળમાં, જે પ્રદેશમાં, જે સમાજમાં જે તત્કાળ પ્રસ્તુત (રિલેવંટ) હતું તે વ્યવહારમાં આવતું રહ્યું. બ્રાહ્મી લિપિના વિષયમાં પણ તેમ જ થયું શિલાલેખોમાંથી કાગળમાં અવતરેલી બ્રાહ્મી લિપિમાં જે પરિવર્તન જરૂરી હતા તે દરેક સ્વીકાર્ય બન્યા. બ્રાહ્મીની જ બહેન જેવી ખરોષ્ટી લિપિ આવા બદલાવથી વિમુખ રહી. પરિણામે અસ્ત થઇ ગઇ. ચોથી

સદીમાં ખરોષ્ટી લિપિ પ્રાકૃત લખવા માટે પ્રસ્તુત હતી પણ તે સંસ્કૃત ભાષામાં લખવી કઠણ હતી. સંસ્કૃતનું વર્ચસ્વ વધતા જ ખરોષ્ટી લિપિ સમાપ્ત થઇ. તાત્પર્ય કે બ્રાહ્મી લિપિના વિકાસનો પ્રત્યેક પડાવ તેની સ્થિતિસ્થાપકતા (Flexibility)ના કારણે આગળ વધતો ગયો. અશોકકાલીન બ્રાહ્મી લિપિ અને વર્તમાન દેવનાગરી લિપિ વચ્ચે સુસંગતતા દેખાય છે. આ સાંકળને બ્રાહ્મી લિપિની વિકાસયાત્રાનો ભૌતિક રાજપથ કહી શકાય.

આમ બ્રાહ્મી લિપિનો સર્વાંગીણ અભ્યાસ ઉપર કહેલા ઐતિહાસિક તથ્યો માટે આધારભૂત છે. બ્રાહ્મી લિપિના અભ્યાસથી પ્રાચીન સમાજ વ્યવસ્થા, લિંગભેદ વિગેરે સ્પષ્ટ રૂપે જોઇ શકાશે.


બ્રાહ્મી લિપિના અભ્યાસ માટે આજે આપણે ઉપલબ્ધ તમામ સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. ઘણા લોકો પાસે લિપિ જ્ઞાન છે, પણ ભાષા જ્ઞાન નથી. તમારી મોટી ઉપલબ્ધિ એ છે કે તમારી પાસે સાધન રૂપે સંસ્કૃત, પ્રાકૃત ભાષાનું જ્ઞાન છે. લિપિ આખરે તો ભાષાનું માધ્યમ છે. ભાષા પહેલી છે, લિપિ પછી છે. ભાષા જ્ઞાનનું જીવંત સ્વરૂપ છે. ભાષા વિના એકલી લિપિના જ્ઞાનથી કઇ જ સાધ્ય થતું નથી.

અંતમાં, નિષ્કર્ષ એ છે કે ઐતિહાસિક સંશોધન માટેનાં પ્રમાણો શોધવા માટે બ્રાહ્મી લિપિનું જ્ઞાન આવશ્યક છે. સાથે જ તેનાં પરિવર્તનો અને તેના વૈવિધ્યનો ઇતિહાસ પણ સમજવો જરૂરી છે. તો જ બ્રાહ્મી લિપિનો અભ્યાસ સંપન્ન થશે અને આ કાર્યશાળાનું અંતિમ અને સુંદર સાધ્ય પણ સિદ્ધિ થશે.

(મૂળ મરાઠી વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સારાંશ ગુજરાતી સ્વરૂપ
**– પૂ. મુ. શ્રી વૈરાગ્યરતિવિજયજી ગણિવર**)

## બ્રાહ્મી લિપિ પ્રશિક્ષણ કાર્યશાળા

**(શ્રુતભવન અને પુણે વિદ્યાપીઠના સંયુક્ત તત્ત્વાવધાનમાં ૦૬ થી ૦૮ ડિસેમ્બર ૨૦૧૮ સુધી આયોજિત ત્રિદિવસીય બ્રાહ્મી લિપિ પ્રશિક્ષણ કાર્યશાળાનો વૃત્તાંત)**



ડૉ. કિરણકુમાર થપલિયાલ

બ્રાહ્મી લિપિ પ્રશિક્ષણ કાર્યશાળાનું પહેલું સત્ર ૨૯ થી ૩૧ ઑગસ્ટ ૨૦૧૮ સુધી આયોજિત કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં સહભાગી થવા લગભગ ૧૨૦ લોકોએ ઇચ્છા વ્યક્ત કરી હતી. એમાંથી ૪૫ લોકોની પસંદગી કરવામાં આવી હતી. બાકી લોકોની શીખવાની ઇચ્છાના કારણે બ્રાહ્મી લિપિ પ્રગત પ્રશિક્ષણ કાર્યશાળાનું આયોજન કર્યું.

કાર્યશાળાનું ઉદ્‌ઘાટન સૂર્યદત્તા ઇંસ્ટિટ્યુટના સંસ્થાપક **ડૉ. સંજય ચોરડિયાજી**એ કર્યું. આ પ્રસંગે વિદ્યાપીઠના તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ **પ્રા.ડૉ. રવિંદ્ર મુળે,** ડેક્કન કોલેજ પુરાતત્ત્વ વિભાગના સહા. **પ્રા. ડૉ. અભિજિત દાંડેકર,** બ્રાહ્મી લિપિ વિશેષજ્ઞ અને બનારસ વિશ્વવિદ્યાલયના **પ્રા.ડૉ. કિરણકુમાર થપલિયાલ,** તત્ત્વજ્ઞાન વિભાગના પ્રો ટંડન, જૈન અધ્યાસનના પ્રમુખ **ડૉ. વિમલ અનિલ બાફના,** શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનના સચિવ **રાજેંદ્ર બાઠિયા** અને **લલિત ગુંદેચા** આદિ માન્યવર હાજર રહ્યાં હતાં.

આ કાર્યશાળામાં ડોક્ટર, ઇંજીનિઅર, પુરાતત્ત્વ વિભાગ, ઇતિહાસ વિગેરે અલગ અલગ ક્ષેત્રોના સહયોગી ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસની



બ્રાહ્મી લિપિ પ્રશિક્ષણ કાર્યશાળા અતિથિ

કાર્યશાળામાં બ્રાહ્મી લિપિની વર્ણમાલા અલગ અલગ પદ્ધતિથી શીખવવામાં આવી. બ્રાહ્મી લિપિમાં લખાયેલા સમ્રાટ અશોકના શિલાલેખનું વાંચન કરાવાયું. આ કાર્યશાળામાં **ડૉ. અભિજિત દાંડેકરજી**એ બીજભાષણ કર્યું. **ડૉ. જિતેંદ્ર બી. શાહ**નું **બ્રાહ્મી લિપિની શોધયાત્રા** આ વિષય પર વ્યાખ્યાનનું આયોજન પણ થયું હતું. **પ્રા.ડો. કિરણકુમાર થપલિયાલજી**એ ત્રણ દિવસ અલગ અલગ પદ્ધતિથી બ્રાહ્મી લિપિ અને તેમના ઇતિહાસ શીખવ્યા. કાર્યશાળાના સમાપન સમારોહ તથા પ્રમાણપત્ર વિતરણ માટે **પ્રા.ડૉ. રવિંદ્ર મુળે, પ્રા.ડૉ. કિરણકુમાર થપલિયાલ,** શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનના ઉપાધ્યક્ષ **ભરતભાઈ શાહ** તથા કોષાધ્યક્ષ **મનોજભાઈ શાહ** ઉપસ્થિત રહ્યા.

શ્રુતભવનમાં હસ્તલિખિત ગ્રંથોના શુદ્ધિકરણનું મૂલ્યવાન કામ થઇ રહ્યું છે. આવાં કાર્ય હાથ પર લેનારા ઘણા ઓછા લોકો છે. **આવનારી પેઢી માટે પ્રાચીન જ્ઞાન સંપદાનું જતન કરવું, તેનું શુદ્ધિકરણ કરવું અને તેને આત્મસાત કરવું એ આજના સમયની માંગ છે.** પ્રાકૃત-સંસ્કૃત ભાષા, બ્રાહ્મી વિગેરે લિપિઓનું મહત્ત્વ અને તેની પાછળ રહેલા દર્શનનો અભ્યાસ કરવો એ શૈક્ષણિક ક્ષેત્રની બહુ મોટી ચળવળ છે. આ પ્રકારના ઉપક્રમને સૂર્યદત્તા ફાઉંડેશનનું હંમેશા પીઠબળ રહેશે. **– ડૉ. સંજય ચોરડિયા**, સંસ્થાપક-અધ્યક્ષ, સૂર્યદત્તા ઇંસ્ટિટ્યુટ

શરૂમાં મોટા અને ભણેલા લોકોને જોઇને ડર લાગી રહ્યો હતો કે માત્ર ઇતિહાસના આધારે બ્રાહ્મી લિપિ કેવી રીતે સમજાશે? પરંતુ ડૉ. થપલિયાલ સરે જે ઉત્સાહ સાથે સુંદર રીતે શીખવ્યું તેથી અમારો ડર ભાગી ગયો. સરે ન કેવલ પહેલો દરવાજો ખોલી આપ્યો છે, બીજો દરવાજો જાતે ખોલવાની શક્તિ પણ આપી છે.

**– ઓશિન બંબ** (પ્રશિક્ષણાર્થી)

## કાર્યવિવરણ

- શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ અંતર્ગત **લોકપ્રકાશ, શ્રેયાંસજિનચરિત, અનેકાર્થધ્વનિમંજરી, વાસવદત્તા આખ્યાયિકા વૃત્તિ, જિનશતક ટીકા, તર્કભાષાચંદ્રિકા, વનસ્પતિસપ્તતિકા**નું સંપાદન કાર્ય પ્રવર્તમાન છે.
- વર્ધમાન જિનરત્નકોશ પ્રકલ્પ અંતર્ગત **પૂ.આ.શ્રી મુનિચંદ્રસૂ. મ.સા., પૂ.સા.શ્રી પ્રશમિતાશ્રીજી શિષ્યા પૂ. સા. શ્રી સંયમપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ.આ.શ્રી શ્રીચંદ્રસૂ. મ.સા., સુ. હિરેન દોશી, સુ. ઉમંગ શાહ**ને હસ્તલિખિત પ્રત સંબંધિત માહિતી આપવાનો લાભ મળ્યો.

## સમાચાર

- પૂજ્ય પિતૃગુરુદેવ મુનિરાજ શ્રી **સંવેગરતિવિજયજી** મ.સા. લિવર અને સ્પાઈનના ઈલાજ માટે પૂના હોસ્પિટલમાં એડમિટ છે. પૂજ્ય મુનિપ્રવર શ્રી **પ્રશમરતિવિજયજી** મ.સા. વિદર્ભમાં વિહાર કરી રહ્યા છે. સા.શ્રી **જિનરત્નાશ્રીજી** મ.સા. ની નિશ્રામાં ત્રણ સંપાદનનો સંઘાર્પણ અને ઝગડિયા તીર્થની ચૈત્યપરિપાટી નીકળી હતી. હમણા મ.સા. દક્ષિણ ગુજરાતમાં વિહાર કરી રહ્યા છે.
- તા ૨૭-૧૧-૨૦૧૮ના દિવસે પ્રો. **અલરિચ ક્રેગ** (ડેન્માર્ક) શ્રુતભવનની મુલાકાત કરી. એમને શાસ્ત્ર સંપાદન હેતુ ડોનેશનમાં લાભ લીધો હતો.
- તા ૧૩-૧૨-૨૦૧૮ ના દિવસે પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય ટ્રસ્ટ માનાજી કિસનાજી ધડા ના નવનિર્મિત જિનાલયમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજીનો ગર્ભગૃહમાં પ્રવેશ થયો.
- તા ૨૩-૧૨-૨૦૧૮ ના દિવસે **કાલિંદ્રી જૈન સમાજ**ના સ્નેહ મિલનમાં **શ્રુતભવન** વિષે માહિતી તથા સંસ્થાનો પરિચય **ઓમજી ઓસવાલ** દ્વારા અપાયો હતો.
- તા. ૨-૦૧-૨૦૧૯ ના દિવસે **સૌ ગુણમાલા ઓમજી ઓસવાલે** શ્રી ૧૦૮ પાર્શ્વનાથ તપની પૂર્ણાહૂતિ પ્રસંગે સપરિવાર શ્રુતભવનમાં પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

## વિભિન્ન સ્થળે લેખ પ્રસ્તુતિ અને કાર્યશાળામાં સહભાગ

| વિષય | પ્રસ્તુતિ | સ્થળ | તારીખ |
|---|---|---|---|
| અનેકાંત : વિશ્વશાંતિનો મૂલાધાર | પૂ.ગ.શ્રી વૈરાગ્યરતિવિ. મ. (શ્રી અમિત ઉપાધ્યે) | તીર્થંકર મહાવીર વિદ્યામંદિર, પાલીતાણા | ૨૫ જાન્યુઆરી ૨૦૧૯ |
| અનેક હસ્તલિખિતોનો એક લેખક | ડૉ. વિનયા ક્ષીરસાગર | CASS પૂના વિદ્યાપીઠ | ૧૦-૧૨ જાન્યુઆરી ૨૦૧૯ |
| હસ્તલિખિતોનું કાલનિર્ધારણ | શ્રી કૃષ્ણા માળી | CASS પૂના વિદ્યાપીઠ | ૧૦-૧૨ જાન્યુઆરી ૨૦૧૯ |
| ગ્રંથલિપિ : પરિચય અને અભ્યાસ | શ્રી અમિત ઉપાધ્યે<br>શ્રી કૃષ્ણા માળી | ડેક્કન કોલેજ, પૂના | ૨,૩,૫ ફેબ્રુઆરી ૨૦૧૯ |
| લિપિકાર અને લેખન સામગ્રી | શ્રી કૃષ્ણા માળી | ડેક્કન કોલેજ, પૂના | ૩ ફેબ્રુઆરી ૨૦૧૯ |
| જૈન દેવનાગરી લિપિ વિશેષતા | પૂ.ગ.શ્રી વૈરાગ્યરતિવિ. મ. | શ્રુતભવન | ૪ ફેબ્રુઆરી ૨૦૧૯ |
| વિભિન્ન હસ્તલિખિત : આયુર્વેદના સંદર્ભમાં | ડો. વિનયા ક્ષીરસાગર | ડેક્કન કોલેજ, પૂના | ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૯ |
| હસ્તલિખિતોનું સમીક્ષાત્મક સંપાદન | ડૉ. વિનયા ક્ષીરસાગર | ડેક્કન કોલેજ, પૂના | ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૯ |
| એકમાત્ર હસ્તલિખિતના આધારે કૃતિ સંપાદન | શ્રી અમોઘ પ્રભુદેસાઈ | ડેક્કન કોલેજ, પૂના | ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ |
| અભિજાત સાહિત્યનું સંપાદન | શ્રી અમોઘ પ્રભુદેસાઈ | ડેક્કન કોલેજ, પૂના | ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૯ |
| પ્રાચીન દેવનાગરી લિપિનું અભિવાચન | શ્રી અમિત ઉપાધ્યે | ડેક્કન કોલેજ, પૂના | ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૯ |

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવ

- શ્રી માણેકચંદ નેમચંદ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ.
- શ્રીમતી જ્યોતિબેન નલિનભાઈ જીવતલાલ દલાલ પરિવાર.
- પૂ. આ. શ્રી **રત્નસુંદરસૂરિજી** મ.સા. ની પ્રેરણાથી શ્રી સરદારબાગ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સરદારબાગ, બારડોલી, સુરત.
- પૂ. આ. શ્રી **રત્નચંદ્રસૂરિજી** મ.સા. ની પ્રેરણાથી શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેંપલ ટ્રસ્ટ, ગુરુવાર પેઠ, પુણે.
- પૂ. આ. શ્રી **રત્નસેનસૂરિજી** મ.સા. ની પ્રેરણાથી શ્રી સુમતિનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મ્હૈસુર.
- પૂ. સા. શ્રી **જિનરત્નાશ્રીજી** મ.સા. ની પ્રેરણાથી શ્રી અંકલેશ્વર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અંકલેશ્વર.
- પૂ. સા. શ્રી **તત્ત્વરક્ષિતાશ્રીજી** મ.સા.ની પ્રેરણાથી શ્રી સીમંધર શાંતિસૂરિ શ્રાવિકા સંઘ, વ્હી. વ્હી. પુરમ, બેંગલોર.
- પૂ.પં.શ્રી **મોક્ષરતિ-તત્ત્વદર્શનવિ.** ગ. ની પ્રેરણાથી શ્રી અલકાપુરી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, વડોદરા.
- શ્રીમતી કલ્પનાબેન તથા સુધીરભાઈ એસ. કાપડિયા પરિવાર, મુંબઈ.
- શ્રી મરચન્ટ સોસાયટી જૈન સંઘ, અમદાવાદ
- પૂ.મુ.શ્રી **આત્મ-હિતરતિવિજયજી** મ.સા. ની પ્રેરણાથી શ્રી સંભવનાથ મહારાજ ટ્રસ્ટ, કરાડ.
- વીરવિભુના ૧૯માં પટ્ટધર ગચ્છાધિપતિ પૂ.આ. શ્રી **હેમભૂષણસૂરિજી** મ.સા. ની પુણ્યસ્મૃતિમાં સંઘવી વીરચંદ હુકમાજી આયોજિત ચાતુર્માસ સમિતિ, પાલીતાણા.
- ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી **મહોદયસૂરિજી** મ.સા. ના અનન્ય પટ્ટધર ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી **હેમભૂષણસૂરિજી** મ.સા. ની પુણ્યસ્મૃતિમાં સંઘવી વીરચંદ હુકમાજી પરિવાર આયોજિત ચાતુર્માસ સમિતિ, પાલીતાણા.
- શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ, મુંબઈ.
- શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, મુંબઈ.
- પૂ. મુ. શ્રી **શુક્લધ્યાનવિજયજી** મ.સા. ની પ્રેરણાથી શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મલાડ, મુંબઈ.
- પૂ. આ. શ્રી **યશપ્રેમસૂરિજી** મ.સા. ની પ્રેરણાથી ભાવવર્ધક શ્રી સુપાર્શ્વનાથ સ્વામી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
- પૂ. મુ. શ્રી **પુણ્યરક્ષિતવિજયજી** મ.સા. ની પ્રેરણાથી શ્રી ધન્ના શાલિભદ્ર તપાગચ્છ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મલાડ, મુંબઈ.
- શ્રી વર્ધમાન સ્વામી જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, સદાશિવ પેઠ, પુણે.
- પૂ. ઉપા. શ્રી **ભુવનચંદ્રવિજયજી** મ.સા. ની પ્રેરણાથી શ્રી કચ્છ દુર્ગાપુર વિશા ઓસવાલ મૂર્તિપૂજક જૈન મહાજન, મુંબઈ.
- પૂ. મુ. શ્રી **નિર્મલયશવિજયજી** મ.સા. ની પ્રેરણાથી શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક ગુજરાતી પંચ, માલેગાવ.
- અરિહંત વાસુપૂજ્ય સ્વામી જૈન શ્વેતાંબર ટ્રસ્ટ, સુરત.
- પ્રો. અલરિચ ક્રેગ (ડેન્માર્ક).
- શ્રી સિદ્ધાર્થ રતિલાલ શાહ, અમદાવાદ

## પ્રતિભાવ

We visited the Shrutbhavan today and we extremely impressed with the high quality research work that is going on here. The registration and digitization of manuscripts is very much needed work to preserve Jainism and the making of new text edition is extremely valuable. With best wishes for your success.

**- Pro. Ulrich Kragh (Denmark)**

जह जह सुज्झइ सलिलं, तह तह रूवाइं पासई दिट्ठी।
इय जह जह तत्तरुई, तह तह तत्तागमो होइ।।

(आवश्यक निर्युक्ति ११६३)

જેમ જેમ પાણી ચોકખું થતું જાય તેમ તેમ તેમાંનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય તે જ રીતે જેમ જેમ તત્ત્વરુચિ જાગૃત થતી જાય તેમ તેમ આત્મા તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે.



**બ્રાહ્મી લિપિ કાર્યશાળાના વ્યાખ્યાનોની બે ડીવીડી ઉપલબ્ધ છે.**



## Printed Matter

**Posted under clause 121 & 114 (7) of P & T Guide**

To,


**From : Shrutbhavan Research Centre,**

**(Initiation of Shrutdeep Research Foundation)**

47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutbhavan.org


For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel